અપીલ અરજી નં. ૫૬૬ તા.૧૨–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશરફ એ. અન્સારી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશરફ એ. અન્સારીની તા. ૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રાજય સરકારશ્રીના નોટીફીકેશનથી મંજુર થઈને આવેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો અંગેનો ટેનામેન્ટ ટાઈપ બાંધકામ વિશેનો પત્ર નં. ટી.ડી.ઓ./ ૨૩૭૪ તા. ૨૭–૯–૨૦૦૫ જેના ઉપર ડાયરેકટર ઓફ પ્લાનીંગ મ.ન.પા. સુરતની સહી છે તે પરિપત્રની સર્ટીફાઈડ નકલ આપવી વિ. મુદ્દા નં.(૧)થી (૧૦)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ ઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૬૬/૨૦૧૧–૧૨

શ્રી અશરફ એ. અન્સારીની તા. ૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) રાજય સરકારશ્રીના નોટીફીકેશનથી મંજુર થઈને આવેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો અંગેનો ટેનામેન્ટ ટાઈપ બાંધકામ વિશેનો પત્ર નં. ટી.ડી.ઓ./ ૨૩૭૪ તા. ૨૭–૯–૨૦૦૫ જેના ઉપર ડાયરેકટર ઓફ પ્લાનીંગ મ.ન.પા. સુરતની સહી છે તે પરિપત્રની સર્ટીફાઈડ નકલ આપવી વિ. મુદ્દા નં.(૧)થી (૧૦)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં.સા.ઝોન/ટેક/૬૧૮ તા. ૨–૧–૧૨થી ખોટી,ભ્રામક અને અધુરી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા ત્રાહિત અંગે કલમ–૧૧ હેઠળ કરેલ કાર્યવાહીના સરખા તુમારની નકલ મોકલવા તેમજ અરજીના મુદ્દા નં.૫ અને ૮માં જાહેર માહિતી અધિકારીનું વિસંગત વલણ–સભાસદની ફરીયાદની નકલ આપવાનું જયારે હોદ્દેદારની નહીં આપવા બાબતે કાયદાકીય જોગવાઈ સહ વિગતો સ્પષ્ટ કરવા સાથે મુદ્દા નં.૬ અને ૯માં રેકર્ડ ઉપલબ્ધ નથી બાબતે રેકર્ડના નાશ–નિકાલની વિગતો પણ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૬૦૦ તા.૩૦–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને ખોટી, ભ્રામક અને અધુરી માહિતીના દાવા અંગે આધાર સહ રજુઆત કરવા તથા આપ સોસાયટીના સભાસદ છો કે કેમ ? સભાસદની હેસીયતની વિગતો મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./૮૧૮ તા.૨૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૬૧૮ તા.૨–૧–૧૨ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નાયબ કલે. સુડાનો તા.૧૯–૯–૧૧ ના પત્રની નકલ, ડાયરેકર ઓફ પ્લાનીંગ પત્ર નં.ટીડીઓ/૨૩૭૪ તા.૨૭–૯–૦૫ ના પરીપત્રની નકલ, અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની માહિતી માંગતી અરજી તથા તેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૫૭૦ તા.૯–૧૧–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા. ૨–૮–૧૧ ની માહિતી માંગતી અરજીની નકલના સંદર્ભે પત્ર નં.સા.ઝોન/ટેક./૩૫૬–૩૫૭ તા.૮–૯–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.જયારે અરજદાર તરફથી તા.૨૧–૨–૧૨ તથા તા.૨૩–૨–૧૨ ના પૂરક પત્ર તથા તેની સાથે અરજદારે તા.૧૨–૧૨–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ તથા સતગુરુ કો.ઓ.હા.સોસા.નું તા.૨–૨–૦૬ ના રોજ ઈસ્યુ કરેલ શેર સર્ટીફીકેટની નકલ, સોસા.માં ભરેલ ખુલ્લા પ્લોટનો તા.૧–૨–૧૨ ના રોજ રૂા.૧૫૦ ભરપાઈ કર્યાની રસીદની નકલ તથા તા.૯–૨–૧૦ થી રૂા.૨૦.૦૦૦/– તબદીલી ખાતે ભર્યાની અંગેની રસીદની નકલ તથા સોસા.ના પ્રમુખને તા.૮–૮–૧૧ ના રોજ સોસા.ના ગેરકાયદેસર બાંધકામ અંગે કરેલ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૩–૧૨–૧૧ ની અરજીથી મોજે ગામ ઉન સીટી સર્વે નં.૭૯૩/૨/૧ સતગુરૂ કો.ઓ.હા.સો.લી. રજી. નં.ઘ/૧૪૦૮૨ તા.૮–૩–૧૯૯૧ થી સર્વે નં.૭૩ પૈકીના નામ સરકારી દફતરે નોંધાયેલ મિલ્કતની બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૧૮ તા.૨–૧–૧૨ થી નિયત સમય અવધિના બીજા દિવસે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૨–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.

મુદ્દા નં. (૧) રાજય સરકારશ્રીના નોટીફીકેશનથી મંજુર થઈને આવેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો અંગેનો ટેનામેન્ટ ટાઈપ બાંધકામ વિશેનો પત્ર નં. ટી.ડી.ઓ./ ૨૩૭૪ તા. ૨૭–૯–૨૦૦૫ જેના ઉપર ડાયરેકટર ઓફ પ્લાનીંગ મ.ન.પા. સુરતની સહી છે તે પરિપત્રની સર્ટીફાઈડ નકલ આપવી. તેમજ ઉપરોકત પરિપત્ર અનુસાર વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ–૧૦–૧–૦૧ તેમજ સને ૧૯૮૬ ના મંજુર વિકાસ નિયમો પૈકીના નિયમ–૧૧–૧–૦૫ માં જે આંતરિક એપ્રોચ વિશેનો ઉલ્લેખ છે તે મુજબ સોસા. ના તમામ એપ્રોચની કાયદાકીય જોગવાઈઓ મુજબ કમ સ ે કમ કેટલા મીટર પહોળાઈ હોવી જોઈએ તેમજ આ એપ્રોચ રાસુકા વપરાશની જગ્યા વિશેનો ઉલ્લેખ હોય પણ બીલ્ડર તરફથી અમુક પ્લોટ હોલ્ડરને સમભાગે વેચાણ કરી દીધેલ હોય તે રીતે આ પ્લોટ હોલ્ડરોએ અમુક જગ્યા પોતાની માલીકીની હોય તે રીતે મેઈન ગેટ બનાવી બાંધકામો આવરી લીધેલ હોય જેથી આ રાસુકા વપરાશની જગ્યા કાયદાકીય જોગવાઈ મુજબ આવરી /પોતાની માલીકીમાં લઈ શકે/બીલ્ડર વેચાણ કરી શકે? જો આવા બાંધકામ નિયમ મુજબ સંભવ હોય તો કયા નિયમ મુજબ થઈ શકે તે વિશે કોઈ પરિપત્ર હોય તો તેની સર્ટીફાઈડ નકલ સાથે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ પરીપત્રની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જેની નકલ અત્રે પણ રજૂ કરવામાં આવેલ છે. તેમાં બાંધકામના ટેનામેન્ટ બાબતેના નિયમો જણાવેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારી સાઉથઝોન ઉધના તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૬૭૫ તા.૨૩–૮–૧૧ ના રોજ સ.કો.ઓ.હા.સો.લી. ના હોદ્દેદારોને પાઠવવામાં આવેલ પત્ર તેમજ તેના અનુસંધાને સદર સોસા.ના હોદ્દેદારો તરફથી તા.૩૦–૮–૧૧ ના રોજ સા.ઝોન/ઉધનાના જાહેર માહિતી અધિકારીશ્રીને પાઠવવામાં આવેલ પત્રની સર્ટીફાઈડ નકલ આપવી.

(૩) આરટીઆઈ સેલ સુરત મુગલીસરા સુરતના પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૪ તા.૨૦–૧૦–૧૧ મા ઉલ્લેખનીય બાબતો અનુસાર (તેના અનુસંધાનમાં) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના ઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતા મજકુર બાબતે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવેલ ન હોવાનું જણાતું હોય માંગ્યા મુજબની નકલો આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવું જણાવેલ છે.

(એ) અમો અરજદાર તરફથી તા.૨–૮–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધનાને આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત આપવામાં આવેલ અરજી સામે માત્ર ૮ માં દિવસે સ.કો.ઓ.હા.સો.લી. ના સભાસદોએ અમો અરજદારની અરજીનો વિરોધ દર્શાવતો પત્ર જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધનાને પાઠવવામાં આવેલ છે તેવું દર્શાવવામાં આવેલ છે. મે. સાહેબશ્રી અત્યાર સુધીમાં અમો અરજદાર તરફથી મનપા સુ./સા. ઝોન ઉધનાને આ.સી. બાબતે જે કંઈ અરજીઓ આપવામાં આવેલ છે તેના ઉપર મનપા તરફથી ધ્યાન આપવામાં આવતું નથી તેમજ આરટીઆઈને લગતી તમામ મેટરોના સમય મર્યાદા વીતી જવા છતાં જવાબો મળતા નથી અથવા તો જે કઈ મળે છે તે વ્યવસ્થિત માહિતી નથી મળતી તો માત્ર ૮ દિવસમાં જ વિરોધ પ્રદર્શિત કરતો પત્ર તમોને મળી ગયેલ છે તો આપશ્રી તરફથી કઈ તરીખે સોસા.ને જાણ કરવામાં આવી? અથવા જાણ નથી કરવામાં આવી તો મારા તરફથી મનપાને લખવામાં આવેલ પત્ર કોન્ફીડેન્સીયલ છે તેની સોસા.ના સભાસદોને જાણ કઈ રીતે થઈ તે વિશેની માહિતી આપશો તેમજ આ બાબતે તમો તરફથી જો પત્ર વ્યવહાર થયેલ હોય તો તે પત્રની સર્ટીફાઈડ નકલ આપવી.

(૪) જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૯૮૧ તા.૧૩–૧૦–૧૧ થી પૂરક વિગતો માટે પાઠવવામાં આવેલ પત્ર તેમજ સદર સોસા.ના પ્રમુખ મંત્રીએ તા.૩૦–૮–૧૧ ના રોજ કલમ–૧૧ હેઠળ આપેલ પત્ર સંદર્ભે કરેલ ઈન્કાર અંગેના પત્રની નકલ સર્ટીફાઈડ નકલો આપવી.

(૫) તા.૪–૪–૧૧ ના રોજ સા.કો.ઓ.હા.સો.લી. રજી. નં.દા/૧૪૦૮૨ તા.૮–૩–૯૧ ના હોદ્દેદારો પ્રમુખ/મંત્રી તરફથી સો.ના લેટરપેડ ઉપર સો. પત્ર ક્રમાંક ૨/૨૦૧૦–૧૧ ધ્વારા મંડળીની ખાસ જનરલ સભા તા.૬–૩–૧૧ ને રવિવારના રોજ યોજવામાં આવી અને તે સભામાં ઠરાવ નં.(૧૦) સર્વાનુમતે પસાર કરવામાં આવેલ તે ઠરાવ નં.(૧૦)

સહિત તે ઠરાવ ઉપર સદર સોસા.ના તમામ સભાસદોની સહીવાળા તમામ નકલ સા.ઝોનના ઝોનલ અધિકારીશ્રીના નામે સા.ઝોન ઉધનાના ના.સુ. કેન્દ્રમાં જમા કરવામાં આવેલ છે તે તમામ નકલોની /પત્રોની સર્ટીફાઈડ નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સતગુરુ કો.ઓ.હા.સો.લી. ના લેટર પત્ર ઉપર પ્રમુખ/મંત્રીશ્રી એ પ્રશ્નવાળી મિલ્કત અંગેની કોઈ પણ પ્રકારની માહિતી ત્રાહિત વ્યકિત/સભ્યને આરટીઆઈના કાયદા હેઠળ નહીં આપવા બાબતે ઉધનાઝોનને કચેરીને તા.૧૪–૧૧–૧૧ ના પત્ર નં.૬૭/૧૧–૧૨ થી જાણ કરવામાં આવેલ હોઈ માંગ્યા મુજબની નકલ આપી શકાય નહીં. તેવું જણાવેલ છે.

(૬)(એ) અમો અરજદારની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજીના જવાબમાં જાહેર માહિતી અધિકારીશ્રી સા.ઝોન ઉધના પત્ર ક્રમાંક નં.સા.ઝોન/ટેક/૩૫૬ તા.૮–૯–૧૧ જેનો આઈ ડી નં.૨૬૮ (૬૦૦/૧૫૪૯) છે નમુના ઘ ના મુદ્દા નં.૫,૬ જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં આઈ ડી નં.૨૪૮ તા.૨–૮–૧૧ ના મુદ્દા નં.૫ અને ૬ બાબતે ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક નં.૧–૭–૦૯ /આઈ.આર./ તા.૧–૬–૦૯ કર્મચારી વર્ગ, જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય , કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ફલકમાં શા માટે પ્રશ્નના જવાબનો સમાવેશ થતો નથી જે જવાબો કોઈ ઉચિતતા અંગેના કારણ પુછવા બરાબરની બાબતે થશે. ઉચિતતા સંદર્ભે અમુક બાબતે શા માટે કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનું કે જાહેર માહિતી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં કારણકે નાગરીક માહિતી માંગે છે ઉચિતપણું ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સત્તામાં આવે છે. અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી શકાય નહીં. આથી આપશ્રીના મુદ્દાઓ બાબતે માહિતી પાઠવવાનો પ્રશ્ન રહેતો નથી .

(બી) જાહેર માહિતી અધિકારી સા.ઝોન/ ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક./૫૭૦ તા.૯–૧૧–૧૦ તા.૨૫–૧૦–૧૧ ની અરજી આઈ ડી નં.૨૭૮ (૬૦૦/૧૦૦૯) નમુનો ઘ. મુદ્દા નં.૦૧–૦૨ જે બાબતેજાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં મોજે ઉન ગામના બ્લોક નં૭૩ પૈકીમાં આવેલ સદગુરૂ કો.ઓ.હા.સો.લી. માં કેટલા પ્લોટોનું બાંધકામ સુમપાની હદ વિસ્તાર સમયમાં હયાત હતુ તેની ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ વિગત ખાતા પાસે નથી. ઉકત જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે સદર સોસા.ના મંજુર પ્લાન સુડા વિભાગમાંથી મંજુર કરવામાં આવેલ. સદરહુ વિસ્તાર સુમપાની હદ વિસ્તારમાં સમાવેશ થયો ત્યારે આ સોસા.ના કેટલા પ્લોટોનું બાંધકામ હયાત હતું તેવો કોઈ રેકર્ડ શહેર વિકાસ ખાતાના રેકર્ડ પર નોંધાયેલ જ ન હોય તે બાબતે ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ વિગત ખાતા પાસે નથી તેનો જવાબ પાઠવવામાં આવેલ છે. (૨) જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર સોસા.માં ટેનામેન્ટ અને રેસીબિલ્ડીંગ ટાઈપ બાંધકામ અંગેના પ્લાન સુડા ધ્વારા હુકમ નં.સુડા/વિપઅ/યુ–૪) ૫૩૯૧,૪૭૬૦ તા.૧૩–૬–૦૩ થી મંજુર કરવામાં આવેલ છે તેમજ હદ વિસ્તાર પછી કેટલા પ્લોટોનું બાંધકામ કરવામાં આવ્યું તેની પણ રેકર્ડ મુજબ માહિતી ઉપલબ્ધ નથી અને તેમાંથી એક પણ પ્લોટની મનપાની મંજુરી મેળવવામાં આવેલ નથી. ઉકત જવાબના અનુસંધાને જણાવવાનું કે અગાઉ સુડા વિભાગમાંથી સદરહુ સોસા.ના બાંધકામ માટે લે આઉટ પ્લાન મંજુર થયેલ હોય સુમપામાં સદરહુ વિસ્તારનો સમાવેશ થયા બાદ પણ આ સોસા.ના કોઈ પણ પ્લોટના બાંધકામ માટે રીવાઈઝડ પ્લાન મંજુરી અર્થે રજૂ કરવામાં આવેલ ન હોય હદ વિસ્તાર પછી કેટલા પ્લોટોનું બાંધકામ કરવામાં આવ્યું તેઓ રેકર્ડ શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ નથી. તેવો જવાબ પાઠવવામાં આવેલ.

(સી) જાહેર માહિતી અધિકારી સા.ઝોન/ ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક/૪૬ તા.૧૯–૪–૧૦, તા.૧૮–૩–૧૧ ની અરજી આઈ ડી નં.૫૩૧ (૬૦૦/૧૨૬૨) નમુનો ઘ મુદ્દા નં.૦૩ . જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં આ મુદ્દા અન્વયે માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય એમ નથી. ઉકત જવાબના અનુસંધાને જણાવવાનું કે અગાઉ સુડા વિભાગમાંથી સદરહુ સોસા.ના બાંધકામ માટેનો લે આઉટ પ્લાન મંજુર થયેલ હોય સુમપામાં સદરહુ વિસ્તારનો સમાવેશ થયા બાદ પણ આ સોસા.ના કોઈ પણ પ્લોટના બાંધકામ માટે રીવાઈઝડ પ્લાન મંજુરી અર્થે કચેરીમાં રજૂ કરવામાં આવેલ નથી જેથી માંગ્યા મુજબના પ્લોટ પર કયારે બાંધકામ કરવામાં આવેલ હોવાનો રેકર્ડ શહેર વિકાસ ખાતામાં નોંધાયેલ જ ન હોય રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય એમ નથી. એવો જવાબ પાઠવવામાં આવેલ હતો.

(ડી) જાહેર માહિતી અધિકારી સા.ઝોન/ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક/૩૫૬ તા.૮–૯–૧૧ , તા.૨–૮–૧૧ ની અરજી આઈ ડી નં.૨૪૮ (૬૦૦/૧૫૪૯) નમુનો ઘ મુદ્દા નં.૦૪,૦૯ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં આ બાબતે કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. ઉકત જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે પ્લોટ નં.સી/૬ નું ડીમોલીશન કરવામાં આવેલ તે સોસા.માં મોટા ભાગના મકાનો ગેરકાયદેસર અને મંજુર પ્લાન વિરુધ્ધના છે તે અંગે ડી.ડી.ક્રિશ્ચયન કે મહેશસીંગ અથવા તો કોઈ સર્વેયર ધ્વારા કોઈ નોંધ કે ફરીયાદ કે ટીપ્પણ કરવામાં આવેલ નથી. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય. માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી. તેવો જવાબ પાઠવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી

તરફથી પૂરક વિગતોમાં મુદ્દા નં.૯ ની માહિતી માંગેલ છે પરંતુ હકીકતમાં આ અરજીમાં ફકત મુદ્દા નં.૧ થી ૭ ની જ માહિતી માંગવામાં આવેલ હોય મુદ્દા નં.૭ ની જ માહિતી માંગેલ. જે બાબતે કચેરીમાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય, માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી. એમ જણાવેલ. ઉકત જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે પ્રશ્નવાળી મિલ્કતનું ડીમોલીશન જે તે સમયના ઝોનલચીફ અને કાર્યપાલક ઈજનેરશ્રીના મૌખિક આદેશથી કરવામાં આવેલ હોય, ડીમોલીશન થયા પછી ડીમોલીશન અંગેની કોઈ નોંધ રેકર્ડ પર કરવામાં આવેલ નથી. જેથી કચેરીમાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવો જવાબ પાઠવવામાં આવેલ છે.

(ઈ) જાહેર માહિતી અધિકારી સા.ઝોન/ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક/૩૫૭ તા.૮–૯–૧૧ , આઈ ડી નં.૨૪૯ (૬૦૦/૧૫૫૦) નમુનો ઘ મુદ્દા નં.૦૭,૦૮. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં આ બાબતે કચેરીનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં કોઈ રેકર્ડ ન હોય માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી. ઉકત જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે પ્રશ્નવાળી મિલ્કતમાં નિલમ રો હાઉસ સોસા.માં ટેનામેન્ટ નંબર અને રેસી. બિલ્ડીંગ ટાઈપ બાંધકામ અંગેના પ્લાન સુડા ધ્વારા હુકમ સુડા/વિપઅ/યુ–૪/૫૩૯૧,૪૭૬૦ તા.૧૩–૬–૦૩ થી મંજુર કરવામાં આવેલ તેમજ હદ વિસ્તાર પછી સદર વિસ્તારનો સમાવેશ સુમપામાં થયો હતો. જે તે સમયે સુડા વિભાગમાંથી કચેરીને ઉપરોકત જણાવેલ મંજુરીની મુળ ફાઈલ પ્રાપ્ત થયેલ તથા કચેરીમાં પણ કોઈ પણ પ્લોટના રીવાઈઝડ પ્લાન મંજુરી અર્થે રજૂ થયેલ નથી. જેથી અરજીમાં જણાવ્યા મુજબ કે તે સિવાયના અન્યો પ્લોટોમાં બાંધકામ અંગેના પ્રગતિ રીપોર્ટ કચેરીમાં રજૂ થયેલ જ ન હોય આ બાબતે કચેરીનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવો જવાબ પાઠવવામાં આવેલ છે. ઉપર જણાવ્યાનુસાર બાંધકામ માટેના કોઈ પ્રગતિ રીપોર્ટ કચેરીમાં રજૂ થયેલ ન હોય સુમપાના અધિકારી તરફથી તબકકાવાર ચકાસણી કરવામાં આવેલ ન હોય જેથી આ બાબતે કચેરીનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવું જણાવેલ છે.

(એ) થી (ઈ) આ તમામ મુદ્દામાં એવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે કે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોય માહિતી આપી શકાય તેમ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ માં જણાવેલ પેટા મુદ્દાઓ ધ્વારા માંગવામાં આવેલ માહિતીની વિગતો ઉધનાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.

(૭) અમો અરજદાર તરફથી તા. ૮–૮–૧૧ ના રોજ સદર સોસા.ના પ્રમુખ, મંત્રીને એક પત્ર લખી સોસા. માં થયેલ મંજુર પ્લાન વિરુધ્ધના બાંધકામ વિરુધ્ધ ઉપરોકત હોદ્દેદારોની કાનુની જોગવાઈઓ મુજબ પોતાની જવાબદારી મુજબ કરવામાં આવેલ કામગીરી સબબ માહિતી/ખુલાસો બાબતે પત્ર લખવામાં આવેલ તેની નકલ ટીડીઓ સુરત કમિ.શ્રી મનપા સુ. વીજીલન્સ અધિકારીશ્રી મનપા સુરત ઝોનલ અધિકારીશ્રી સા.ઝોન ઉધના, મનપા તેમજ સુરત શહેર વિકાસ સત્તા મંડળને આપવામાં આવેલ હતી તેના અનુસંધાને સુડા સુ. તરફથી સા.ઝોન ઉધનાના, ઝોનલ અધિકારીશ્રીને પત્ર પાઠવવામાં જેનો ક્રમાંક નં.સુડા/યુ–૧૧/વશી–૨૦૩૧/૨૯૩૪ તા.૧૯/૨૦–૯–૧૦ છે આ મુજબ બીજા કોઈ અધિકારીઓ તરફથી ઝોનલ અધિકારી સા.ઝોન ઉધનાને પત્ર પાઠવવામાં આવેલ છે કે કેમ? જો પાઠવવામાં આવેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપવી. આ પત્રના અનુસંધાને સા.ઝોન ઉધનાના ઝોનલ અધિકારીશ્રી તરફથી કોઈ કાર્યવાહી થયેલ છે ? કે નહી? તે વિશે માહિતી આપવી. જો કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાંઆવેલ માહિતીની નકલ અરજદારને આપવામાં આવેલ છે.

(૮) સદર સોસા.ના સીઓપીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ જાહેર માહિતી અધિકારીશ્રી સા.ઝોન ઉધનાના પત્ર ક્રમાંક નં.સા.ઝોન/ટેક./૫૭૦ તા.૯–૧૧–૧૦ ની અરજી આઈ ડી નં.૨૭૮ (૬૦૦/૧૦૦૯) ના મુદ્દા નં.૩ અનુસાર તા.૮–૧૦–૦૮ ના રોજ નોટીસ આપી ગેરકાયદેસર બાંધકામ સા.ઝોન ઉધના તરફથી દુર કરેલ છે. મે. સાહેબ આ બાંધકામ વિરુધ્ધ સદર સોસા.ના હોદ્દેદારો તરફથી થયેલ કમ્પ્લેઈનની સર્ટીફાઈડ નકલ તેમજ તેના સંદર્ભે સા.ઝોન ઉધના તરફથી આપવામાં આવેલ નોટીસની સર્ટીફાઈડ નકલ આપવી. તે ઉપરાંત સોસા.ના કોઈ સભાસદો યા સોસા.ના હોદ્દેદારો તરફથી સદર સોસા.ના ગેરકાયદેસર બાંધકામો વિરુધ્ધ યા ગેરકાયદેસર રીતે ફીટ કરવામાં આવેલ મોબાઈલ કોમ્પ્યુનીકશેન ટાવર વિશે પહેલા કોઈ અરજી થયેલ હોય તો તે અરજીની સર્ટીફાઈડ નકલો આપવી તેમજ તેના ઉપર થયેલ કાર્યવાહીની વિશેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ માહિતીમાં જણાવેલ તા.૮–૧૦–૦૮ ના રોજ નોટીસ આપીને દુર કરવામાં આવેલ ગે.કા. બાંધકામના સંદર્ભે સોસા.ના હોદ્દેદારો તરફથી ફરીયાદની નકલ મુદ્દા નં.૫ માં જણાવ્યા અનુસાર આપી શકાય તેમ નથી. પરંતુ સોસા. નાં સભાસદો તરફથી કરવામાં આવેલ ફરીયાદની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

(૯) સદર સોસા.માં મંજુર પ્લાનથી અલગ જે પ્લોટ હોલ્ડરોએ બાંધકામ કરેલ છે તેમાંથી કોઈ પ્લોટ હોલ્ડર તરફથી સોસા.ની એન.ઓ.સી. લઈ પ્લાન રીવાઈઝડ કરી બાંધકામ કરેલ છે તે વિશેની માહિતી આપવી તેમજ તે સદર સોસા.ના સભાસદને સોસા. તરફથી પ્લાન રીવાઈઝડ કરવા તથા એલીવેશન (દર્શન) સોસા.ના મંજુર પ્લાનથી અલગ બનાવવા માટે એન.ઓ.સી. આપેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપવી. મુદ્દા નં.૬ ના (એ,બી,સી,ડી,ઈ) આ તમામ મુદ્દા વિશે નીચે મુજબ માહિતી આપવી. (૧) જે માહિતી ઉપલબ્ધ નથી તે કયારે? અને કેવી રીતે ગુમ થઈ? (૨) તે માહિતી સા.ઝોન ઉધનાના કયા અધિકારીના તાબામાં હતી? (૩) તે ગુમ થઈ ત્યારે ઉપલા અધિકારીને રીપોર્ટ કરાયેલ હતો કે નહી? તેમજ તે અધિકારી તરફથી આ અનુસંધાને શું શું કાર્યવાહી કરી? (નોંધ) આ અરજીના મુદ્દા નં.૧ થી ૧૦ સુધીમાં કોઈ મુદ્દા વિશે માહિતી આપવા માટે આપની કચેરીમાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય તો ઉપરોકત મુદ્દા નં.(૧,૨,૩,૪) મુજબ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૯ માં મુદ્દા નં.૬ ની એ થી ઈ સુધીની માહિતીની વિગતો માંગવામાં આવેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ માહિતીની વિગતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં ઉકત જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે સદર સોસા.માં કોઈ પણ પ્લોટ હોલ્ડર તરફથી મંજૂરી અર્થે કોઈ પ્લાન સહિતની અરજી રજૂ કરવામાં આવેલ નથી. જેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય નહીં. જેથી માંગેલ માહિતીની વિગતો રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવો જવાબ પાઠવવામાં આવેલ હતો.

(૧૦) સદર સોસા.ના રજીસ્ટર્ડ કો.ઓ.હા.સો.લી. નો કાયદેસર દરેક યુનીટ વાઈસ સુડા તરફથી પ્લાન મંજુર થયેલ હોય તે પ્લાન વિરુધ્ધ બાંધકામો થાય તો તેને રોકવા માટે સદર સો.ના બીલ્ડર , કન્સલ્ટીંગ આર્કી. સોસા. પ્રમુખ મંત્રી તેમજ અન્ય હોદ્દેદારોની કાયદાકીય જોગવાઈ મુજબ શું શું જવાબદારી છે? તે ઉપરાંત મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ થયેલ હોય જે સોસા.ના અધિકૃત વ્યકિતના જ પ્લોટોમાં તેમજ અન્ય પ્લોટોમાં થયેલ હોય તો ઉપરોકત તમામ વિરુધ્ધ મનપા સુરત તરફથી શું શું કાર્યવાહી થઈ શકે તે વિશે કાયદાકીય જોગવાઈ મુજબ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ વિગત મંજુર પ્લાન વિરુધ્ધના બાંધકામ અન્વયે પ્રવર્તમાન જીડીસીઆર મુજબ ની કાયદાકીય કાર્યવાહી થઈ શકે તેવું જણાવેલ છે.

અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં માહિતી ખોટી અને અધૂરી બાબતે અપીલ અરજી કરેલ જેના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૦૦ તા.૩૦–૧–૧૨ થી બંને પક્ષકારોને પૂરક વિગતો માંગતા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર પાસેથી તેમણે સહકારી મંડળીની વિગત માંગ્યાનું નામ પરથી જણાવેલ છે તેથી તેઓ તેના સભાસદ છે કે કેમ? તથા સભાસદની હેસીયતથી સોસા. કક્ષાએથી કોઈ વિગત મેળવેલ છે કે કેમ? તે અંગે અત્રેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદારે તેમની તા.૨૧–૨–૧૨ ની રજૂઆતમાં તેઓ સોસા.ના સભાસદ છે અને સોસા.ના વિકાસ તેમજ અન્ય ફાળાઓ ભરેલ છે. જે અંગે તેઓએ શેર સર્ટીફીકેટ અને ભરેલ ફાળાની રસીદ નકલ રજૂ કરેલ છે તથા સભાસદની હેસીયતથી વિગતો મેળવેલ છે કે કેમ? તે અંગે અરજદારે સોસા.ના પ્રમુખ/મંત્રીને તા.૮–૮–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. પરંતુ માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગેની સોસાયટી તરફથી એક પણ વખત વિગતવાર ખુલાસા કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. વધુમાં તેમની તા.૨૩–૨–૧૨ થી માહિતી અધૂરી અને ભ્રામક હોવા બાબતે આરટીઆઈ કાયદાની કલમ–૧૧(૨) નો દુર ઉપયોગ કરી રહયા છે તેવી રજૂઆત કરેલ છે.

આમ અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં પરીપત્ર આપેલ છે પણ મુદ્દા વિશે બાકીની માહિતી પૂરી પાડેલ નથી પરંતુ હાઈલાઈટ એન અંદર લાઈન કરેલ છે તેવું જણાવેલ છે.

જયારે અપીલના મુદ્દા નં.–૨(એ) માં ઉધનાઝોને આરપીએડીથી મોકલેલ પત્ર પાંચ થી સાત દિવસે મળે છે અને આઠમા દિવસે વિરોધ પ્રદર્શિત કરતો પત્ર મળેલ છે તે સોસા. ના પ્રમુખને કઈ રીતે જાણ થઈ તે માહિતી પૂરી પાડેલ નથી.

અપીલના મુદ્દા નં.૩ ઠરાવ નં.૧૦ પસાર કરવા બાબતે ઉલ્લેખ કરેલ તે મુજબ કોઈ ઠરાવ તા.૬–૩–૧૧ ની સભામાં પસાર થયેલ નથી પરંતુ જે વિગતો માટે ઠરાવ પસાર કરવામાં આવેલ છે તેના મુદ્દા આ અરજી સાથે સામેલ છે. તે મેમો રેન્ડમના વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામો સદર સોસા.માં ઓન પેપર હોદ્દેદાર આદમ હુસેન હોલાના પ્લોટ નં.બી/૬૯,૭૦ બાંધકામ ચાલુ છે જેથી અમારી સોસા.ના પ્રમુખ/સેક્રેટરી ખોટુ પગલુ ભરે તો જાહેર જનતાના હિત માટે રોકવા તેમજ બીજી કોઈ વ્યકિત સાથે ગેર વાજબી હરકત ન કરી શકે તે બદલ મનપાને કઈ રીતે ગેરમાર્ગે દોરી રહયા છે તે માટે સર્ટીફાઈડ નકલો માટે મુદ્દા નં.એ થી ડી સુધીની આપેલ રૂપે કાર્યવાહી નથી કરી કે કરેલ છે શું કાર્યવાહી કરી અને કેમ નથી કરી તે મુજબની હકીકતલક્ષી વિગતો આપવી જોઈએ. રેકર્ડ ઉપલબ્ધ નથી તેવા જવાબ આપી પોતાની જવાબદારી ભુલી ગેરકાયદેસર પ્રવૃતિના સહભાગી બનેલ મદદગારી સાબિત થાય છે અને આરટીઆઈના કાયદાનું ઉલ્લંઘન થઈ રહયુ છે.

અપીલના મુદ્દા નં.૬ (એથી ઈ) ની માહિતી પૂરી પાડવામાં આવે. અપીલના મુદા નં.૭ માં એક પણ નકલ પૂરી પાડવામાં આવેલ નથી તે પૂરી પાડવાની રહે.

અપીલના મુદ્દા નં.૮ સદર સોસા.ના પ્રમુખ તરીકે સહી કરનારો સૌકત ઝુમરાતી પોતાના હોદ્દાની રૂએ જવાબદારીને ધ્યાનમાં રાખી મંજુર પ્લાન મુજબ બાંધકામો થાય સરકારશ્રીના કો.ઓ.સોસા. ને લગતા પરીપત્રોને આધીન સોસા.નું સંચાલન થાય તમામ સભાસદોની સેફટીની તકેદારી રહે પૈસાનો દુર ઉપયોગ ન થાય તે માટે કાયદાકીય રીતે બંધાયેલા છે. તેના પોતાની માલીકીના પ્લોટોમાં સેક્રેટરીની માલીકીની પ્લોટોમાં ઉપપ્રમુખની માલીકીના પ્લોટોમા તેમજ તમામ ઠરાવ નં.૮ મુજબના હોદ્દેદારોના પ્લોટોમાં જ ગેરકાયદેસર બાંધકામો થયેલ હોય , થઈ રહયા હોય પબ્લીકના પૈસાનો દુર ઉપયોગ કરતો હોય સોસા.ની માલીકીની ગેરકાયદેસર મોબાઈલ ટાવર ફીટ કરી આ તમામ તેનું ભાડુ પોતાના ગજવામાં મુકી દેતા હોય. તે પ્રમુખ આવા ગેરકાયદેસર બાંધકામ વિશે કે મોબાઈલ ટાવર વિશે કે સોસા.ની નામાવલીના મુદ્દા (૧૦) ( જે બાયલોઝને આધારીત હશે) જે મીટીંગો ભરવા તે મીટીંગોમાં જે તે મુદ્દા થયેલ ચર્ચા જે બદલો પોતાના અંગત હીત માટે મનસ્વી નિયમો બનાવી ખોટા ઠરાવો પાસ કરતો હોય તેણે અત્યાર સુધી પોતાની જવાબદારીના ભાગરૂપે શું શું ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર વિરુધ્ધ કામગીરી કરી તે જાણવું અમારો અધિકાર બને છે કેમકે અમો પણ સદર સોસા.ના શેર હોલ્ડર છીએ માટે અમને આ માહિતી સહિતની સર્ટીફાઈ ડ નકલો પૂરી પાડવામાં આવે ખાસ કરીને મોબાઈલ ટાવર વિશે અગાઉ કોઈ સભાસદો કમ્પ્લેઈન કરી છે તે પણ નકલ પૂરી પાડવામાં આવે. ખાસ કરીને મોબાઈલ ટાવર વિશે. (૪) મુદ્દા મુજબ ખુદ પ્રમુખ/સેક્રેટરી તેમજ તમામ ઓન પેપર હોદ્દેદાર (ઠ નં.૮ મુજબ) ના જ મકાનો સોસા.ના મંજુર પ્લાન વિરુધ્ધ હોય સદર સોસા.ના રાસુકા વસવાટથી જગ્યા ઉપર કન્સ્ટ્રકશન કરેલ હોય સોસા. નિયમાવલી મુદ્દા નં.૧૦ મુજબ કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ ન હોય જે સ્પષ્ટ પણે જણાય આવે છે તેમજ અવાર નવાર આ ગેરકાયદેસર બાંધકામો બાબતે કમ્પ્લેઈન થયેલ હોય તેમાં મનપા સુરતના તમામ અધિકારીઓ આ ગેરકાયદેસર બાંધકામોની જાણ હોય છતાં પ્રગતિમય રાખવામાં ભાગીદાર હોય તેમનો પણ બચાવ કરવા માટે આ ભ્રામક માહિતી પૂરી પાડવામા આવેલ છે. જયારે હકીકતલક્ષી માહિતી પૂરી પાડવી જોઈએ યા તો જવાબ આપી દેવો જોઈએ કે અમારી જાણ મુજબ ગેરકાયદેસર છે પણ અધિકારીઓના મેળપીપણામાં કાર્ય થયેલ હોય જેથી માહિતી આપવા તૈયાર નથી. મુદ્દા નં.૧૦ મુજબ માહિતી મળેલ છે કે જીઓસીઆર મુજબ કાર્યવાહી થઈ શકે પણ કરશે કોણ? મનપા સુરત કેમ કાયદાકીય જોગવાઈઓ મુજબ ગુનો દાખલ નહી કરે? તે વિશે માહિતી આપવી જોઈએ. અમો અરજદારની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત કરેલ અરજીના તમામ મુદ્દા ચકાસી તેમજ પત્ર નં.સા.ઝોન/ટેક/૬૧૮ તા.૨–૧–૧૨ આઈ ડી. ક્રમાંક ૫૦૮/૬૦૦/૧૮૦૯ ) ૩–૧૨–૧૧ ની કમ્પ્યેર કરી આમ પ્રજા પાસેથી કાયદેસર રીતે વસુલાત કરી તે પૈસામાંથી ખરીદેલ ખુરશી ઉપર બેસી બિલ્ડરોને અને સૌકત ઝુમરાતી જેવા બીલ્ડર અને મનપાના અધિકારીઓના મળતીયાને છાવરવાને બદલે પ્રજાના ભાવી હીત વિશે થોડો પણ વિચાર કરી યોગ્ય કાર્યવાહી કરી અત્યાર સુધી આપવામાં આવેલ તમામ માહિતી જે યોગ્ય રીતે પૂરી પાડવામાં નથી આવી તે જે અધિકારીના મળતીયાઓને છાવરવા માટે આરટીઆઈ એકટ–૧૧(૨) ની બાધ નજરમાં લેવામાં આવેલ છે તે તેમજ જાહેર હીતને ધ્યાનમાં રાખી મોબાઈલ ટાવર વિશેની તમામ માહિતી પૂરી પાડવામાં આવે તેમજ મુળ અરજીની નકલમા હાઈલાઈટપેનથી હાઈ લાઈટ કરેલ તમામ માહિતી પૂરી પાડવામાં આવેલ. અમો અરજદાર તા.૨૧–૨–૧૧ ના રોજ આપશ્રીને એક અરજી કરી વિગતવાર રજૂઆત કરી સભાસદ હોવાના પુરાવાઓ રજૂ કરેલ છે.

આમ અરજદારને મુદ્દા નં.૬ અને ૯ બાબતે ઉપલબ્ધ રેકર્ડ અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ માં પત્ર નં.ટીડીઓ/૨૩૭૪ તા.૨૭–૯–૨૦૦૫ ની નકલ પૂરી પાડવામાં આવેલ છે પરંતુ તે સિવાય રાસુકા વપરાશની જગ્યા વેચાણ કરી અને જો બાંધકામ થાય તો તે અંગે કાયદાકીય જોગવાઈઓ અંગે અન્ય કોઈ પરીપત્ર હોય તો દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ નથી. મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી આપવામાં આવેલ નથી કે તેના ઈન્કાર અંગે અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.૭ માં અરજદારને નકલો પૂરી પાડેલ છે તેવું જણાવેલ છે પરંતુ અરજદાર તરફથી તેવી નકલો પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજૂઆતને ધ્યાને લઈ અરજદારને પુનઃ નકલ પૂરી પાડવાની રહે. તેમજ અરજદારે મુદ્દા નં.૭ ની વિગતે થયેલ કે ન થયેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. મુદ્દા નં.૮ માં ગેરકાયદેસર બાંધકામ બાબતેની ફરીયાદની નકલો માત્ર હોદ્દેદારો અંગે કાયદાની કલમ–૧૧ હેઠળ ઈન્કાર કરેલ છે. જયારે સભાસદો અંગે અલગ વલણ જાહેર માહિતી અધિકારી તરફથી ધરાવેલ હોઈ હોદ્દેદારોની આવી વિગતો પણ આપવી રહે. જયારે સભાસદો તરફથી થયેલ ફરીયાદની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ તે અંગે થયેલ કે ન થયેલ કાર્યવાહીની વિગતો પૂરી પડાયેલ નથી.

જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૫ તથા ૮ અંગે હોદ્દેદારોની રજૂઆતને અનુલક્ષી કલમ–૧૧ નો હવાલો આપી હોદ્દેદારો તરફથી રજૂઆત થયેલ વિગતો આપવા ઈન્કાર કરેલ છે. જયારે સભાસદો તરફથી થયેલ રજૂઆતો પૂરી પાડેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએ કાયદા સમક્ષ સમાનતાના સિધ્ધાતો સાથે બંધારણીય અનુસુચિ–૧૪ નું ઉલ્લંઘન દર્શાવે છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે આરટીઆઈ હેઠળના અરજદાર વિવાદિત સોસા. માં સભાસદ પણ છે. અપીલ તબકકે તે અંગેના પુરાવા પણ રજૂ કરેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી અપીલ તબકકે તેમના વિસંગત વલણ અંગે કોઈ પણ પક્ષ રજૂ કરી શકયા નથી.

વાસ્તવમાં અરજદાર જયારે સોસા. સભાસદ હોય ત્યારે આવી વિગતો સભાસદની હેસિયતથી સોસા.ના દફતરેથી મેળવવા તેમણે સોસા. પેટા કાયદા અને નિયમો હેઠળ તથા સહકારી કાયદાની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવી રહે. અને તે અંગે તકરારી બાબતે સોસા.ના નિયંત્રણ અધિકારીને રજૂઆત કરવી રહે. તેમ છતાં કાયદાની કલમ–૨(એફ) ની જોગવાઈ ધ્યાને લેતાં સોસા. તરફથી મહાનગરપાલિકાના દફતરે રજૂ થયેલ દસ્તાવેજો કે વિગતોનો પણ સમાવેશ થતા હોય તેવી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવા ઈન્કાર કરી શકાય નહીં.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૧–૧૨ ધ્યાને લેતાં ૧૦–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૩–૧૨–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી ઉપરોકત ફરીયાદ હકીકતમાં જણાવેલ મુદ્દા નં.૧,૭,૮ અંશતઃ તથા ૨,૪,૫ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા બાકીના અરજદારના અપીલના મુદ્દાઓ અંગે દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરવાની રીતે લાગત દફતરનું નિરીક્ષણ પુરું પાડી અરજદાર ઈચ્છે તે નકલો પૂરી પાડી તેની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અશરફ એ.અન્સારી